અપીલ અરજી નં.૨૭૩ તા.૩–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૯–૧૦–૧૦ ની અરજીથી દાગીના નગર દરગાહની બાજુમાં મેઈન રોડપર તૈયાર થતાં બાંધકામની વિગતો (૧) સદર સ્થળ હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગે વિકાસ અંગેની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોયતો પરમીશન પત્રની નકલ આપશો વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૩/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૯–૧૦–૧૦ ની અરજીથી દાગીના નગર દરગાહની બાજુમાં મેઈન રોડપર તૈયાર થતાં બાંધકામની વિગતો (૧) સદર સ્થળે હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગે વિકાસ અંગેની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોયતો પરમીશન પત્રની નકલ આપશો વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૨૩ તા.૭–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક./૬૩૪ તા.૩–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક./૫૯૨ તા.૩૦–૧૧–૧૦ થી આપેલ જવાબના પત્રની નકલ, નોંધ વિભાગ વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૯–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) સદર સ્થળે હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગે વિકાસ અંગેની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોયતો પરમીશન પત્રની નકલ આપશો. (૨) આ બાંધકામને કેટલા માળ સુધીની પરમીશન આપેલ છે?(૩) આ બાંધકામમાં રોડ કપાત કેટલા ફુટ સુધીની છે? આપના વિભાગે જેટલા ફુટ સુધીની કપાત નકકી કરી હોય તે કપાતની જગ્યા છોડયા બાદ આ બાંધકામ થાય છે કે કેમ? તેની માહિતી આપશો. (૪) આ રોડ કપાતની જગ્યા છોડયા વિના જ બાંધકામ થતું હોય તો આ બાંધકામ વિરુધ્ધ આપના વિભાગે અત્યાર સુધીમાં કઈ કઈ કામગીરી કરી તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૯૨ તા.૩૦–૧૧–૧૦ થી " સબબ વિષયના અનુસંધાને સંદર્ભ હેઠળની અરજીમાં જણાવેલ પ્રશ્ન વાળી મિલ્કત માટે ઉધનાઝોન તરફથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. માંગેલ અન્ય માહિતી રેકડ ઉપર ઉપલબ્ધ નથી " તેવી માહિતી પૂરી પડાયેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,